વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ઓલપાડ(જી.સુરત) ચલાવવાની મંજૂરી સ્થગિત કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: WCDD/AWR/e-file/23/2023/1677/A

સચિવાલય,ગાંધીનગર,

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) આ વિભાગના તા.૦૭.૦૬.૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: મહચ-૧૦૨૦૦૫-૩૧૮૭-અ

(૨) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: WCDWW/SMK/e-file/260/2022/0003/Scheme, તા.૧૯.૦૬.૨૦૨૬

પ્રસ્તાવના:-

વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. આ યોજના અંતર્ગત શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ, સકલાણા સંસ્થાને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ઓલપાડ ચાલુ કરવાની મંજૂરી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા આપવામાં આવેલી હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવેલ કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ના પત્રથી શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ, સકલાણા સંસ્થા દ્વારા સંચાલિત વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ઓલપાડ સંસ્થાની અનિયમિતતા સબબ બંધ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>હુકમ:-</u>

પુખ્ત વિચારણાના અંતે, શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ, સકલાણા સંસ્થાને આપવામાં આવેલ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ઓલપાડનું સંચાલન કરવા માટેની મંજૂરી,આ હુકમ પ્રસિદ્ધ થયા તારીખથી સ્થગિત કરવામાં આવે છે.

આ હુકમ બાદ શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ, સકલાણા ઉક્ત વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ઓલપાડને લગતી કોઈ કામગીરી કરી શકશે નહી અને આ કેન્દ્રને લગતી કોઈ ગ્રાન્ટ હુકમ તારીખથી ઉક્ત સંસ્થાને ચૂકવવાની રહેશે નહી. પરંતુ આ હુકમ પ્રસિદ્ધ થયા તારીખ અગાઉ સંસ્થા દ્વારા ખરેખર કરેલ કામગીરીને લગતી કોઈ નાણાકીય બાબત બાકી હોય તો તે અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરી તે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીના મળેલ આદેશો અન્વયે બહાર પાડવામાં આવે છે.

(નિર્વિષા પુરોહિત)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ :

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પ્રમુખશ્રી, શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ, સકલાણા, મું.સકલાણા, તા.વડગામ, જી.બનાસકાંઠા
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Nirvisha Purohit
Under Secretary
Date:2026.09.17
15:09:38 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign